# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસને કારણે ઓછામાં ઓછા 10 બાળકોના મોત
- મુખ્યમંત્રી દ્વારા રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને પથરાળ વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી
- ચાલુ વર્ષ માટે બાગાયતી યોજનાઓના લાભ માટે આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયું.
- આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડઅલર્ટ જાહેર
- રાજ્ય સહિત દેશભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા મહોરમનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CHANDIPURAM OVER ALL

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસના કેસો ઝડપથી વધી રહ્યા છે. તાજા અહેવાલ અનુસાર ગાંધીનગરમાં એક બાળકીનું શંકાસ્પદ વાઇરસને કારણે મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ સહિત રાજ્યમાં શંકાસ્પદ વાઇરસને કારણે અંદાજે 10 બાળકોના મોત  થયા છે.

ગાંધીનગર મહાનગરપલિકાના ભાટ વિસ્તારમાં તાવના લક્ષણો બાદ 15 મહિનાની એક બાળકીને ગાંધીનગર સિવિલ ખાતે દાખલ કરાઈ હતી, જેનું 16 જુલાઈના રોજ મોત થયું હતું.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે ગત 15 જુલાઈના રોજ બાળકીના સેમ્પલ પુણે સ્થિત નેશનલ ઇન્ટિટ્યૂટ ઑફ વાઇરોલોજી ખાતે મોકલવામાં આવ્યા હતા. જે બાદ આરોગ્ય વિભાગે ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે. 4 જેટલી ટુકડીઓ દ્વારા 30થી વધુ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો, ઉપરાંત જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ.

દહેગામમાં તાલુકામાં પણ શંકાસ્પદ ચાંદીપુરા વાઇરસનો કેસ સામે આવતા આરોગ્યની ટુકડીએ મુવાડા ગામના 60 જેટલા ઘરમાં તપાસની કામગીરી હાથ ધરી છે. દરમિયાન શંકાસ્પદ મગજના તાવના લક્ષણ ધરાવતા અન્ય કોઈ દર્દી મળ્યા નથી. મુવાડા ગામમાં સાત વર્ષના એક બાળકને ખેંચ સાથે મગજના તાવની અસર દેખાઈ હતી. જે બાદ બાળકના નમૂના પુણે મોકલવામાં આવ્યા છે. હાલમાં આ બાળકને સારવાર માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખસેડાયો છે.

સાબરકાંઠાની હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઇસને કારણે છ બાળકોનાં મોત નોંધાયા છે. જ્યારે વધુ બે બાળકો સારવાર હેઠળ છે.

આ તરફ અરવલ્લી જિલ્લામાં પૈકી એક બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લામાં સૌ પ્રથમ ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામમાં ચાંદીપુરાના 2 શંકાસ્પદ કેસ નોંધાયા હતા. જેમાંથી એક બાળકીનો સિરમ પોઝિટિવ આવ્યો છે. જ્યારે CSF નેગેટિવ આવ્યો છે. હજી 2 બાળકના રિપોર્ટ આવવાના બાકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લીમાં કુલ ત્રણ બાળકોના મોત નોંધાયા છે. જિલ્લામાં આરોગ્ય તપાસ વિશે માહિતી આપી રહ્યા છે મુખ્ય જિલ્લાના આરોગ્ય અધિકારી એમ.એચ.સિદ્દિકી......

(બાઇટ- એમ.એચ.સિદ્દિકી, CDHO)

તો મહેસાણા જિલ્લામાં પણ આ શંકાસ્પદ વાઇરસે દેખા દીધી છે. ખેરાલુ તાલુકાના વરેઠા ગામ અને વિજાપુર તાલુકાના ડાભલા ગામમાં બે કેસ સામે આવતા જિલ્લા આરોગ્ય વિભાગ એ બે બાળકોના સેમ્પલ તપાસ માટે મોકલી અપાયા છે. જિલ્લાના બે તાલુકાઓમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે.

------------------

**CM PATEL NIRNAY**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને પથરાળ વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ રસ્તાઓના કામ થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહનવ્યવહારલાયક સારા માર્ગની સગવડતા મળશે.

મુખ્યમંત્રીએ કુલ 688 કિલોમીટરના 65 માર્ગ માટે આ રકમ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે અંતર્ગત 83 કિલોમીટર માર્ગને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે. જ્યારે 173 કિલોમીટર સુધીના રસ્તા 10 મીટર સુધી પહોંળા કરાશે. સાથે 432 કિલોમીટર લંબાઈના માર્ગનું મજબૂતીકરણ કરાશે. તેમ જ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ પણ કરાશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાશે તે રસ્તાઓ પર ફ્લાયઓવર પણ બનાવવાનું આયોજન છે.

----------------

## GOV. CLARIFICATION

રાજ્ય સરકારે વર્ગ 3 અને વર્ગ 4 સહિત કરાર આધારિત ભરતીને સ્થાને કાયમી ભરતી કરવા તેમજ સરકારી ભરતીઓમાં કરાર પ્રથા નાબૂદ કરાઈ હોવાના સમાચારને રદિયો આપ્યો છે.

વહીવટી વિભાગના સંયુક્ત સચિવ દ્વારા જાહેર કરાયેલ એક નિવેદનમાં આ સમાચારોને સત્યથી વેગળા કહેવાયા છે. સાથે જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે સરકારે આવો કોઈ જ નિર્ણય લીધો નથી, ના તો આ

અંગેની કોઈ સૂચના અપાઈ છે. ભરતી અંગેની સરકારની હાલની નીતિ યથાવત છે. આ નિવેદનમા સામાન્ય લોકોને સોશિયલ મીડિયા તેમજ સમાચારોમાં પ્રસારિત આવી ખબરોથી ભ્રમિત ન થવા લોકોને કહેવાયું છે.

-----------------

## I-khedut Portal

રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા ચાલુ વર્ષ 2024-25 માટે ખેડુતો માટે બાગાયતી યોજનાઓના લાભ માટે આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ યોજનાઓનો લાભ લેવા માટે વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ખેડૂતો ફળ પાકોના વાવતેર માટે 15 ઓગસ્ટ સુધી અરજી કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, આઇ-ખેડૂત પોર્ટલ પર આંબા, જામફળ, કેળ (ટીસ્યુ), ટીસ્યુકલ્ચર ખારેક, નાળીયેરી, કમલમ ફળ (ડ્રેગન ફ્રુટ), દ્રાક્ષ, કિવિ, દાડમ, લીંબુ, પપૈયા, સરગવા ઉપરાંત વધુ ખેતી ખર્ચ વાળા ફળ પાકો સિવાયના ફળ પાકો, વાવેતર માટેની સામગ્રી, સહાય માટે અરજી કરી શકાશે.

------------------

## AHMEDABAD ANTI DRUG DRIVE

અમદાવાદ પોલીસે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ચાર રસ્તા પાસે બાળકોને ભીખ માગવા અને માદક દ્રવ્યોના સેવનથી બચાવવા, તેમજ 18 વર્ષથી નીચેનાને તમાકુ અને તેના ઉત્પાદનો વેચતા વેપારીઓ સામે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે. જે અંતર્ગત અમદાવાદ શહેર મહિલા ક્રાઈમ બ્રાન્ચ અને માનવ તસ્કરી નિરોધી શાખાએ સાથે મળીને એક મહિના સુધી ચાલનારી ઝુંબેશ શરૂ કરી છે, જે અંતર્ગત છ જેટલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી. જ્યારે બે બાળકોને બાળ સરંક્ષણ ગૃહમાં મોકલવામાં આવ્યા છે. અમદાવાદના મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાન્ચ મહિલા સેલના હિમાલા જોશીએ આ વિશે માહિતી આપી....

(બાઈટ-હિમાલા જોશી, મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ મહિલા સેલ )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GUJ WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડઅલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલે સૌરાષ્ટ્રનાં રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, સુરત, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર, મોરબી, બોટાદ અને કચ્છમાં ભારે

વરસાદની આગાહી છે. મધ્ય ગુજરાતમાં ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પાટણ, મહેસાણા, પંચમહાલ, તેમજ છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપીમાં ભારે વરસાદ પડી શકે છે.

19 જુલાઇ માટે સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, દ્વારકા તેમજ કચ્છમાં રેડ અલર્ટ જાહેર કરાયું છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

તો બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ અને તાપીના કેટલાક ભોગોમાં વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે બે દિવસ દરમિયાન આ તમામ જિલ્લાઓમાં ગાજવીજ ઉપરાંત 30થી 40 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા પણ વ્યક્ત કરી છે.

..................................

# MAHORAM

રાજ્ય સહિત દેશભરમાં આજે મુહર્રમ પર્વ મનાવાઈ રહ્યો છે. આજનો દિવસ ઇસ્લામ ધર્મનાં પયગંબર હજરત મહોંમદનાં પૌત્ર હઝરત ઇમામ હુસૈન અને તેમના 72 સહયોગીઓના બલિદાનની યાદમાં મનાવવામાં આવે છે. મુસ્લિમ સમાજ દ્વારા દર વર્ષે ઇસ્માલિક હિજરી સંવતનાં મુહર્રમ મહિનાની નવમી અને દસમી તારીખે તાજીયા નીકાળી આજના દિવસને માતમનાં પર્વ તરીકે મનાવવામાં આવે છે.

દરમિયાન રાજ્યભરમાં મહોરમ નિમિત્તે ઠેરઠેર તાજીયા ઝુલુસ કાઢવામાં આવ્યા છે.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ કરન પરમાર જણાવે છે કે મોહરમ નિમિત્તે જમાલપુર દરવાજાથી તાજીયા સાથે જુલુસ નીકળ્યું હતું. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ૭૩થી પણ વધુ તાજીયા નીકળ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદારો તાજીયા ના જુલુસમાં જોડાયા હતા.

છોટાઉદેપુર જિલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે સ્થાનિક મુસ્લિમ બિરાદરો દ્વારા ઝુલુસ કાઠવામાં આવ્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે સુરેન્દ્રનગરમાં મહોરમ પર્વ નિમિત્તે તાજીયા ઝુલુસ કાઢવામાં આવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે જિલ્લાના ઇડર, વડાલી, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ શહેરમાં તાજીયા ઝુલુસ કાઢવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ગોધરા, હાલોલ, કલોલ સહિત આસપાસનાં ગામોમાં મુસ્લિમ સમુદાય દ્વારા કલાત્મક તાજિયા સ્થાપન કરાયા હતા. ઠેર ઠેર રોશનીથી શણગાર કરાયો હતો. તેમજ જિલ્લામાં કોમી એખલાસ અને ભાઈચારા સાથે મહોરમ પર્વ ની ઉજવણી કરવામાં આવી.

------------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર અને દમણ- દીવના પ્રશાસક પ્રફુલ પટેલે તેમના દિલ્હી પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહની મુલાકાત કરીને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી.
- 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાના વીરનગર ગામે સાંસદ પરશોત્તમ રૂપાલા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. શ્રી રૂપાલાએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું.
- સાબરકાંઠા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાંતિજ તાલુકાના બોભા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી પર 'કિસાન ગોષ્ઠિ' કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે માહિતી પુરી પાડવામાં આવી.

.......................................................